**પ્રશ્ન:આપે શાળાની ભૌતિક સુવિધાઓમાં સુધારા કરવા માટે કોઈ પ્રવુતિ/મદદકરેલ હોય તો તેની ટૂંકમાં જાણકારી આપો.**

તારણ:એસ.એમ.સી સભ્યોએ આપેલ જવાબમાંથી શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે . જવાબની સાથે જવાબ આપનાર એસ.એમ.સી સભ્યોનું નામ પણ આપેલ છે.

૧.શાળાનાએસ.એમ.સી સભ્યો એ વિધાર્થીઓને હાથ ધોવા માટે શાળામાં સાબુ અને રૂમાલની વ્યવસ્થા કરી છે.ધોરણ એકના વિધાર્થીઓ માટે ગણવેશની વ્યવસ્થા પણ કરેલ છે. - હરદીપસિંહ પરમાર- જી.સુરત
૨.કડિયાએસ.એમ સી.સભ્ય દ્વારા માત્ર રોજની દૈનીક મજૂરી કરી ને કામકરી આપવા માં આવી છે કોઈ નફાનુ ધોરણ લેતા નથી-મેહુલભાઈ સુથાર- જી.ગાંધીનગર

૩.શાળાના મેદાન ફરતે તારફેન્સીંગકરવામાંએસ.એમ.સી સભ્યોએ આર્થિક અને શ્રમિક મદદ કરેલ છે.-ભાવેશભાઈ દરજી -જી.ભાવનગર

૪.શાળામાંએસ.એમ.સી સભ્યો દ્વારાપોતાના ટ્રેકટરના ઉપયોગ દ્વારા ગામની નજીકથી માટી લાવી આપી અને મેદાનને સમથળ બનાવવામાં મદદ કરીતેથીશાળામાં એક સુંદર બગીચો તૈયારથયો.- ગોવિંદભાઈ પટેલ -જી.કચ્છ,જશુભાઈ પટેલ- જી.સાબરકાંઠા

૫.શાળામાં લાઈબ્રેરી અને વિજ્ઞાનકેન્દ્ર માટે મકાનની જરૂરીયાત હતી .શાળામાં લાઈબ્રેરી માટે ડો.ભરતભાઈ ચૌધરીએ ત્રણ લાખ અને વિજ્ઞાનકેન્દ્ર માટે ડો.રામશી ચૌધરીએ પાંચ લાખ નું દાન આપ્યું હતું.આ બંને સુવિધાનો લાભ શાળાના બાળકોને મળી રહ્યોછે.-લક્ષમણભાઈ ચૌધરી-જી.પાટણ

૬.ગામલોકો અને ગ્રામપંચાયત ના સભ્યો દ્વારા શાળા મા ટે રમત-ગમ્મત નું મેદાન બનાવી આપવામાં આવ્યું.-રસીલાબેનનકુમ -જી.ગીર સોમનાથ

૭.શાળામાં એસ.એમ.સી સભ્યો દ્વારા છ લાખ નું દાન એકઠું કર્યું.અને શાળા માટેલાઈબ્રેરી,કોમ્પ્યુટર અને પાણીની સગવડ ઉભી કરવામાં આવી.-કુસુમબેન પટેલ -જી.ગાંધીનગર